# નગર શિક્ષણ પત્રિકા



| પત્રિકા નં. : ૨ | પ્રકાશક : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ | નવેમ્બર : ૨૦૧૧ |
|---|---|---|



| પ્રેરણા | માર્ગદર્શન | લેખન - સંપાદન | | |
|---|---|---|---|---|
| ડૉ. જગદીશ ભાવસાર<br>અધ્યક્ષ | ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી | નલિનીબહેન પોપટાણી<br>નાયબ શાસનાધિકારી | ડૉ. આર. એચ. રાણા<br>સંચાલક, નૂતન તાલીમ વિભાગ | અધ્યાપકગણ<br>નૂતન તાલીમ વિભાગ |
| ડૉ. હર્ષદ પટેલ<br>ઉપાધ્યક્ષ | | | | |


**'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં પલતે હૈં.'**

**- ચાણક્ય**




## શિક્ષણની સપ્તપદીથી
## આગળ વધીએ...વધતા રહીએ...

નદીને કોઈ અવરોધે નહિ તો આગળ વધે છે. ઝાડને કોઈ કાપે નહિ તો ઉપર વધે છે. આમ આગળ વધવું + વધતા રહેવું એ કુદરતનો નિયમ છે. આપણે પણ આગળ વધીએ અને આગળ વધતા રહીએના સંકલ્પ સાથે વિક્રમ સંવત ૨૦૬૮ના પ્રારંભે કાર્યરત થઈએ.



**શાળાને સ્વચ્છ બનાવીએ**
**શાળાને સુંદર બનાવીએ**
**શાળાને સુરક્ષિત બનાવીએ**
**બાળકને સ્વચ્છ રાખીએ**
**બાળકને સુંદર બનાવીએ**
**બાળકને સક્ષમ બનાવીએ**
(જ્ઞાનમાં અને સ્વાસ્થ્યમાં પણ)
**સમર્પિત શિક્ષક થઈએ.**

પરિવર્તનનો મહત્ત્વનો આધાર પ્રાથમિક શિક્ષણ છે. "વાગલે"ને વધારે અસરકારક કરીએ. ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીને વર્તમાન પ્રવાહો સાથે કદમ મિલાવતો કરીએ. ગુણોત્સવમાં આખાયે રાજ્યમાં "A" ગ્રેડ મેળવનાર આપણે હતા. નવેમ્બર – ૨૦૧૧ તા. ૨૪, ૨૫, ૨૬ના ગુણોત્સવમાં પણ આપણે આગળ વધીએ અને સમગ્ર રાજ્યમાં આગળ રહીએ તેવી શુભકામનાઓ.



**સૌને અભિનંદન**
અને
**નૂતન વર્ષાભિનંદન**
આપના

**ડૉ. હર્ષદ પટેલ**
**વાઈસ ચેરમેન**

**ડૉ. જગદીશ ભાવસાર**
**ચેરમેન**

**વિજ્ઞાન-ગણિત પ્રદર્શન - ૨૦૧૧ :-**

તા. ૨૯/૦૯/૨૦૧૧ના રોજ બાપુનગર હિન્દી શાળા નં. ૮, ગુજરાતી શાળા નં. ૭/૧૬ના શાળા સંકુલ ખાતે અમદાવાદ મહાનગરના મેયરશ્રી અસિતભાઈ વોરાના વરદ્ હસ્તે શહેર કક્ષાના 'વિજ્ઞાન-ગણિત પ્રદર્શન - ૨૦૧૧'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. 'વિજ્ઞાન, સમાજ અને પર્યાવરણ' મુખ્ય વિષય સાથે આયોજિત આ પ્રદર્શન કુલ પાંચ પેટા વિભાગમાં પ્રદર્શિત થયું હતું.

શહેરકક્ષાએ યોજાયેલ આ વિજ્ઞાન-ગણિત પ્રદર્શનના ઉદ્ઘાટન સમારંભમાં પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં માન. મેયરશ્રીએ ઉપસ્થિત બાળકો અને શિક્ષકોને વિજ્ઞાન-ગણિત વિષયમાં વિશેષ રૂચિ દાખવી વિજ્ઞાનના મૂળભૂત સિધ્ધાંતોનું જ્ઞાન તેમજ સમજ કેળવવા અપીલ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રખિયાલ વિધાનસભાના માન.ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડીયાએ રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા તથા આ પ્રદર્શનના વિષયો સીધા માનવના વિકાસ ઉપરાંત સ્વાસ્થ્ય અને આરોગ્ય સાથે સંકળાયેલા છે ત્યારે બાળકો અને શિક્ષકોને વિજ્ઞાન-ગણિત વિષયમાં વધુ જાગૃતિ દાખવવા જણાવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચન આપતાં સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ૧૦૦% શાળાઓની સહભાગિતા થાય તેવી અપીલ કરી હતી.

સ્કૂલ બોર્ડના શાસનાધિકારીશ્રી ડૉ. એલ. ડી. દેસાઈએ આ પ્રસંગે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેરના પ્રાચાર્યશ્રી નૂતનબહેન રાવલે આભારવિધી કરી હતી.

આ પ્રસંગે સ્કૂલ બોર્ડના માન. ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓ, બાપુનગર વૉર્ડના કાઉન્સિલરશ્રીઓ, સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ શહેરના અધ્યાપકશ્રીઓ તથા ભાગ લેનાર શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રદર્શન તા. ૨૯/૦૯/૨૦૧૧ તથા ૩૦/૦૯/૨૦૧૧ એમ બે દિવસ સુધી ચાલુ રહ્યું હતું. સ્થાનિક શાળાઓના આશરે પચાસ હજાર જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો.

તા. ૩૦/૦૯/૨૦૧૧ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે આ પ્રદર્શનનો સમાપન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં અમદાવાદ મહાનગરના માન. ડે. મેયરશ્રી દર્શનાબહેન વાઘેલાએ વિજ્ઞાન-ગણિત વિષયમાં વિશેષ રૂચિ દાખવતા બાળકો તથા શિક્ષકોને પ્રમાણપત્ર અને ઈનામ અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોને ભવિષ્યના વૈજ્ઞાનિક બનવા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મ્યુનિ. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ તેમજ વૈજ્ઞાનિક સિદ્ધાંતો આધારિત કૃતિઓની રજૂઆત માટે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ સમાપન સમારંભમાં સ્કૂલ બોર્ડના માન. ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસારે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગણિત સંબંધી પ્રશ્નો પૂછ્યા હતા, જેના વિદ્યાર્થીઓએ સાચા ઉત્તરો આપી ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા હતા.

દરેક વિભાગની બે કૃતિઓને પ્રતીક સ્વરૂપે પ્રમાણપત્ર અને ઈનામ આપી ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

જી.સી.ઈ.આર.ટી.ના ગુજરાત ઈનોવેટીવ કમિશનના પરિપત્ર મુજબ શાળાઓના શિક્ષકો તેમજ સંસ્થાઓ જે ઈનોવેટીવ કાર્ય કરે છે તે અંગેની ૨૮ કૃતિઓ આ પ્રદર્શનમાં રજૂ થઈ હતી. તેને સૌએ માણી અને બિરદાવી હતી.

સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓ, શાસનાધિકારીશ્રી તેમજ અધિકારીશ્રીઓ આ સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

સી.આર.સી.કક્ષાના પ્રદર્શનની વિગત

| વિભાગ | વિષય | કૃતિઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેતી અને ખાદ્ય સુરક્ષા | ૧૭૯ |
| ૨ | ઊર્જાસ્રોત અને સંરક્ષણ | ૨૪૯ |
| ૩ | સ્વાસ્થ્ય | ૧૭૮ |
| ૪ | પર્યાવરણીય સમસ્યાઓ અને ચિંતાઓ | ૧૫૪ |
| ૫(અ) | ગણિત અને રોજબરોજનું જીવન | ૨૧૬ |
| ૫(બ) | આપત્તિ વ્યવસ્થાપન | ૦૧૯ |
| | કુલ | ૯૯૭ |

આમ, સી.આર.સી. કક્ષાએ કુલ ૫૪૩ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ૯૫ ખાનગી અને ૪૪૮ મ્યુનિ. શાળાઓ હતી.

શહેરકક્ષાના પ્રદર્શનની વિગત

| વિભાગ | વિષય | કૃતિઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેતી અને ખાદ્ય સુરક્ષા | ૦૪૩ |
| ૨ | ઊર્જાસ્રોત અને સંરક્ષણ | ૦૪૩ |
| ૩ | સ્વાસ્થ્ય | ૦૪૩ |
| ૪ | પર્યાવરણીય સમસ્યાઓ અને ચિંતાઓ | ૦૪૨ |
| ૫(અ) | ગણિત અને રોજબરોજનું જીવન | ૦૪૩ |
| ૫(બ) | આપત્તિ વ્યવસ્થાપન | ૦૧૧ |
| | કુલ | ૨૨૫ |
| | ઈનોવેટીવ કૃતિઓ | ૦૨૮ |

આમ, શહેરકક્ષાએ કુલ ૧૮૭ શાળાઓએ ભાગ લીધો હતો જેમાં ૩૩ ખાનગી અને ૧૫૪ મ્યુનિ. શાળાઓ હતી.

કાર્યક્રમના અંતે યુ.આર.સી. કૉ.ઓર્ડી. શ્રી મનોજભાઈ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી થનાર તમામનો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો.

**ગરબા સ્પર્ધા :-**

તા. ૦૩/૧૦/૨૦૧૧ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે નવરાત્રિ પર્વ નિમિત્તે સ્કૂલ બોર્ડની શાળાઓની શહેરકક્ષાની ગરબા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માન. મેયરશ્રી અસિતભાઈ વોરાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે દુર્ગાસ્તુતિ બાદ ઉપસ્થિત તમામ મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કર્યા બાદ સ્કૂલ બોર્ડના મુખપત્ર 'નગર શિક્ષણ પત્રિકા – ૧'નું વિમોચન કર્યું હતું.

આ ગરબા હરીફાઈમાં સ્કૂલ બોર્ડની શાળાઓના ૬ ઝોનની કુલ ૧૬ શાળાઓએ ભાગ લઈ 'મા' શક્તિની આરાધના કરતા ગરબા રજૂ કર્યા હતા.

આ હરીફાઈમાં ત્રણ શાળાઓના ગરબાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ખોખરા શાળા નં. ૧૨, દ્વિતીય ક્રમે સરસપુર શાળા નં. ૨૧ તથા તૃતીય ક્રમે મહાત્મા ગાંધી શાળા નં. ૧ના વિજેતા ગરબાને અનુક્રમે રૂ. ૩૦૦૧/, રૂ. ૨૦૦૧/- તથા રૂ. ૧૦૦૧/- અને શિલ્ડ પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ હરીફાઈમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તાંબાનો કુંભ અને શ્રીફળ અર્પણ કરી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

શહેરકક્ષાએ યોજાયેલ આ ગરબા હરીફાઈમાં અમદાવાદ મહાનગરના માન. ડે. મેયરશ્રી દર્શનાબહેન વાઘેલા, ભાજપના નેતાશ્રી ગૌતમભાઈ શાહ, વિપક્ષના નેતાશ્રી બદરૂદ્દીન શેખ, રિક્રિએશન કમિટીના ચેરપર્સનશ્રી બિજલબહેન પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, ડે. મ્યુનિ. કમિશનરશ્રી એસ. કે. લાંગા, સ્કૂલ બોર્ડના સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુનિ. શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ જ દિવસે સ્કૂલ બોર્ડની તમામ શાળાઓમાં પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પણ સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, એસ.એમ.સી.ના સભ્યો, સામાજિક કાર્યકરો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**બાળ રમતોત્સવ - ૨૦૧૧ :-**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ બાળરમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા. ૦૩/૧૦/૨૦૧૧ના રોજ મ્યુનિ. શાળાઓના તમામ બાળકોને શાળાકક્ષાએ વિભાગવાર વિવિધ રમતો રમાડવામાં આવી હતી. ત્યારબાદ શાળાકક્ષાએથી ઉત્તમ ખેલાડીની પસંદગી કરીને તા. ૦૫/૧૦/૨૦૧૧ના રોજ વોર્ડના સી.આર.સી. તરીકે નક્કી કરેલ કેન્દ્રો પર સી.આર.સી. કક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝોનકક્ષાએ યોજાયેલ વ્યક્તિગત રમતોમાંથી વિજેતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ વિદ્યાર્થીઓ તેમજ સાંઘિક રમતોમાંથી વિજેતા બે-બે ટીમોની શહેરકક્ષાના રમતોત્સવ માટે પસંદગી કરવામાં આવી હતી.

તા.૦૮/૧૦/૨૦૧૧ના રોજ શહેરકક્ષાએ આયોજિત રમતોત્સવ અંતર્ગત એસ.આર.પી. શાળા નં. ૨ના સંકુલ ખાતે દોડ, કૂદ, ફેંક(તમામ), એલિસબ્રીજ શાળા નં. ૨ના

કેન્દ્ર ખાતે ચેસ, યોગાસન જેવી ઈન્ડોર ગેમ તથા અંબિકાનગર શાળા નં. ૧ના કેન્દ્ર ખાતે સાંઘિક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝોનકક્ષા તેમજ શહેરકક્ષાની રમતોમાં સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, શાસનાધિકારીશ્રી તથા અન્ય અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી બાળકોની રમતોને નિહાળી હતી તથા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

**સ્કૂલ બોર્ડના સ્કાઉટ-ગાઈડ બાળકોએ મેળવેલ એવોર્ડ :-**

મહારાષ્ટ્રના પુના શહેર નજીક પીંપરી-ચીંચવડ ખાતે સ્કાઉટ ગાઈડના રિજિયોનલ લેવલ (પશ્ચિમ વિભાગ)નો કબ-બુલબુલ ઉત્સવ તા. ૦૮/૧૧/૨૦૧૧ થી તા. ૧૨/૧૧/૨૦૧૧ દરમ્યાન ઊજવાયો હતો. તેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન એમ ચાર રાજ્યોએ ભાગ લીધો હતો. ગુજરાતમાંથી અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘનાં ૨૦ બાળકો સહભાગી બન્યાં હતાં. આ ઉત્સવમાં મોડલ મેકિંગ, ગ્રૂપ ડાન્સ, ગ્રૂપ સોંગ, સ્ટોરી ટેલિંગ, જંગલ ડાન્સ, પેપર કટિંગ અને પેપર મેકિંગ જેવી હરીફાઈ રાખવામાં આવી હતી, જેમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડનાં બાળકોએ ગ્રૂપ ડાન્સ, ગ્રુપ સોંગ અને મોડલ મેકિંગમાં કુલ ત્રણ એવોર્ડ હાંસલ કર્યા હતા.

**કોર્પોરેશન રમતોત્સવ :-**

તા.૦૫/૧૦/૧૧ થી તા.૧૬/૧૦/૧૧ દરમિયાન અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કર્મચારીઓ માટે વ્યાયામ વિદ્યાલય, કાંકરિયા ખાતે એક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં અ, બ, ક, ડ એમ ચાર વિભાગમાં અનુક્રમે ૩૦ વર્ષ સુધી, ૩૦ થી ૪૦ વર્ષ, ૪૦ થી ૫૦ વર્ષ અને ૫૦ વર્ષથી વધુ ઉંમરના વિભાગમાં વ્યક્તિગત અને સાંઘિક રમતોમાં અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડના શિક્ષકો તેમજ કર્મચારીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર શિક્ષકો / કર્મચારીઓ પૈકી ૫૯ શિક્ષકોએ દોડ, નિશાન તાક, માટલા ફોડ, વૉલીબોલ ફેંક, બેઝબોલ ફેંક, લીંબુ ચમચો, ગોળા ફેંક, કબ્બડી, દડા માર અને ગજગ્રાહ જેવી રમતોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. પરિણામે અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડના ફાળે ખેલકૂદ, સાંઘિક રમતો અને રાયફલ શૂટીંગ સ્પર્ધામાં ફરતા શિલ્ડ પ્રાપ્ત થયેલ છે.

આ રમતોત્સવમાં ભાગ લેનાર તમામ શિક્ષકો / કર્મચારીઓએ અને વિજેતા થયેલ ૫૯ શિક્ષકોએ ત્રણ સ્પર્ધામાં શિલ્ડ પ્રાપ્ત કરી સ્કૂલ બોર્ડનું નામ રોશન કર્યું છે. તે સહુને ખૂબ ખૂબ અભિનંદન...

**'ઉર્જા સંરક્ષણ' અંગે ચિત્ર સ્પર્ધા :-**

ભારત સરકારના ઉર્જા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા પ્રેરિત અને પાવર ગ્રીડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમીટેડ - દહેગામ, જિ. ગાંધીનગરના યજમાન પદે ધોરણ-૪ થી ધોરણ -૬ના વિદ્યાર્થીઓ માટે 'ઉર્જા બચાવો' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન સપ્ટેમ્બર – ૨૦૧૧ દરમ્યાન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતભરમાંથી આ સ્પર્ધા માટે મળેલ ૨૫૦૦ એન્ટ્રી પૈકી રાજ્ય કક્ષા માટે પસંદ થયેલ ૫૦ એન્ટ્રીમાં સ્કૂલ બોર્ડ સંચાલિત વાસણા શાળા નં. ૫ના બે વિદ્યાર્થીઓ શ્રી રવી કે. દંતાણી(ધો. ૬) અને શ્રી ગણેશ સી. બાવરી (ધો. ૪)નાં ચિત્રો પસંદગી પામ્યાં હતાં.

આ બંને વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ૧૫૦૦/- રૂ. ના રોકડ પુરસ્કાર ઉપરાંત ફાઈલ, કલર, બેગ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બંને વિજેતા વિદ્યાર્થીઓ તથા તેમના માર્ગદર્શક શિક્ષકશ્રી બિપીનભાઈ ધામેલ અને આ સ્પર્ધામાં ભાગ લેનાર મ્યુનિ. શાળાના તમામ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને ખૂબ ખૂબ અભિનંદન...

**ગુણોત્સવ :-**

ચાલુ વર્ષે તા. ૨૪, ૨૫, ૨૬ નવેમ્બર દરમ્યાન યોજાનાર ગુણોત્સવમાં અમદાવાદ મ્યુનિ. શાળાઓને ૪૧ જૂથમાં વહેંચવામાં આવી છે. આ તમામ શાળાઓ પૈકી ૧૨૩ શાળાઓ પસંદ કરી ઉચ્ચ અધિકારીગણ દ્વારા તેનું અવલોકન થશે. આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારીઓ, કોર્પોરેશનના અધિકારીઓ તથા ડાયેટના અધ્યાપકો દ્વારા ગુણોત્સવ દરમ્યાન થનાર મૂલ્યાંકનને આધારે શાળાઓને ગ્રેડીંગ અપાશે.

**ખેલ મહાકુંભ :-**

સમગ્ર ગુજરાતમાં તા.૨૯/૧૧/૨૦૧૧થી શરૂ કરીને વૉર્ડ કક્ષા, ઝોન કક્ષા, શહેર(જિલ્લા)કક્ષા અને રાજ્ય કક્ષાએ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના મ્યુનિસિપલ વિસ્તારને વિવિધ વૉર્ડમાં વિભાજિત કરી ૧૮ સેન્ટરો પર સાંઘિક રમતો તથા એથલેટીક્સ રમતો રમાડવામાં આવશે. ૧૬ વર્ષથી નીચેના જૂથમાં મ્યુનિ. શાળાઓના ૫૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ રમતો માટે ઉમેદવારી નોંધાવેલ છે.

**નવનિયુક્ત વિદ્યાસહાયકની તાલીમ :-**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ દ્વારા નવનિયુક્ત ૨૮૪ વિદ્યાસહાયકોની ૮ દિવસની તાલીમ સર્વશિક્ષા અભિયાન મિશન દ્વારા યુ.આર.સી. કક્ષાએ યોજવામાં આવી. તા. ૫/૧૧/૧૧ થી ૧૨/૧૧/૧૧ દરમ્યાન વિવિધ સ્થળો ઉપર તાલીમ યોજવામાં આવી. તાલીમ સ્થળ ઉપર જઈને પ્રત્યક્ષ નિદર્શન કરી તે સંસ્થાના મુખ્ય તજ્જ્ઞ દ્વારા તાલીમ આપવામાં આવી જેથી તાલીમના પ્રત્યેક મુદ્દાની સ્પષ્ટ સમજણ કેળવાય અને ઉંડાણપુર્વક જ્ઞાન પ્રાપ્ત થાય.

આ ૮ દિવસની તાલીમ દરમ્યાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગ્રાહક સુરક્ષા, ઈન્દીરા ગાંધી ઓપન યુનિવર્સીટી, સ્કાઉટ ભવન, અમદાવાદ શહેરના હેરીટેજ રૂટ, ટ્રાફીક પાર્ક, અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બાયસેગ સ્ટુડીયો, ચિલ્ડ્રન યુનિવર્સીટી, પાઠ્યપુસ્તક મંડળ, વન ચેતના, વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સેન્ટર, અંધજન મંડળ, આકાશવાણી તથા સાયન્સ સીટીની મુલાકાત લેવામાં આવી.

આમ વિવિધ સ્થળોની મુલાકાત દ્વારા શૈક્ષણિક ધ્યેયોની સાથે સાથે પ્રવૃત્તિલક્ષી અને આનંદમય શિક્ષણ આપવામાં આવ્યું.

**શાળા સપોર્ટ પ્રોજેક્ટ :-**

મ્યુનિ. શાળાઓના શિક્ષણનું સ્તર ઊંચુ આવે તેમજ શાળામાં પ્રવેશ મેળવવાપાત્ર તમામ બાળકો પ્રાથમિક શિક્ષણના કોઈપણ તબક્કે શાળા છોડી ન જાય, તેમજ ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ મેળવે તે માટે શાળાઓમાં થતી રોજિંદી કામગીરીનું સઘન મોનિટરીંગ થાય તે ખૂબ જરૂરી છે. આ હેતુઓની સિદ્ધિ માટે વિવિધ બાબતો અંગે આચાર્ય તથા શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડવા માટે નૂતન તાલીમ વિભાગ દ્વારા શાળા સપોર્ટ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રોજેક્ટના વિશિષ્ટ હેતુ

૧. બાળકો શાળામાં નિયમિત આવે.
૨. બાળકો શાળામાં પૂર્ણ સમય રોકાય (હાજરી આપે).
૩. શાળા સમય દરમ્યાન બાળકોને પ્રવૃત્તિના માધ્યમથી શિક્ષણપ્રદ અનુભવો મળે.
૪. શિક્ષકોનું સમયપાલન તપાસી જરૂરિયાત જણાય ત્યાં અનુસરણકાર્ય હાથ ધરાવામાં આવે.
૫. શિક્ષકોની વર્ગમાં (બાળકો સાથેની) ઉપસ્થિતિ તપાસી જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપવું.
૬. શિક્ષણકાર્ય માટે શિક્ષકનું પૂર્વ-આયોજન તપાસી જરૂર જણાય ત્યાં માર્ગદર્શન અને સુધારણા હાથ ધરવામાં આવે.
૭. શિક્ષકોએ મેળવેલ તાલીમનો શિક્ષણકાર્યમાં થતો વિનિયોગ તપાસી જરૂર જણાય ત્યાં માર્ગદર્શન અને સુધારણા હાથ ધરવામાં આવે.
૮. શિક્ષણકાર્ય દરમ્યાન ગીત, સંગીત, અભિનય, વાર્તા, નાટક, સર્જનાત્મકકાર્ય, રમતના માધ્યમથી શિક્ષણ, અવલોકનના માધ્યમથી શિક્ષણ, જૂથકાર્ય, પીઅર-ગ્રુપ લર્નિંગ તેમજ અધ્યયન-અધ્યાપન સામગ્રીના ઉપયોગ જેવી બાબતો તપાસી જરૂર જણાય ત્યાં માર્ગદર્શન અને સુધારણા હાથ ધરવામાં આવે.
૯. બાળકો સાથેનો શિક્ષકોનો વ્યવહાર તપાસી જરૂર જણાય ત્યાં વાત્સલ્યપૂર્ણ અને પ્રેરણાદાયક વ્યવહાર માટે માર્ગદર્શન અને સુધારણા હાથ ધરવામાં આવે.
૧૦. શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓની સામેલગીરી અને ઉત્સાહ તપાસી સુધારણા માટે અનુસરણકાર્ય હાથ ધરવામાં આવે.

ડિસેમ્બર-૨૦૧૧થી નૂતન તાલીમ વિભાગના અધ્યાપકશ્રીઓ સંચાલકશ્રીના માર્ગદર્શન હેઠળ જે-તે શાળાની પૂર્ણ સમય માટે મુલાકાત લેશે. સત્રને અંતે તમામ અધ્યાપકશ્રીઓ પોતે કરેલ શાળા નિરીક્ષણને આધારે સંશોધનાત્મક દષ્ટિકોણથી તારણ તારવી વહીવટીતંત્રને શિક્ષણ સુધારણા સંદર્ભે સૂચન-અભિપ્રાય રજૂ કરશે.

# -: વિચાર વર્તુળ :-

શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા આપણે સૌ વિચારના સામર્થ્યથી પરિચિત હોઈએ તે સ્વાભાવિક છે. મહાપુરુષોના જીવનચરિત્રોનો અભ્યાસ કરતાં એ વાત સ્પષ્ટ થશે કે તેમની સફળતા પાછળ ચોક્કસ વિચાર કે વિચારધારા રહેલી હોય છે. વ્યક્તિની વર્તનશુદ્ધિ કે કાર્યસિદ્ધિ પાછળ વિચારની તાકાત કામ કરતી હોય છે. વ્યવહારમાં બનતી કોઈપણ ઘટનાનો ઉદ્‌ભવ વ્યક્તિના માનસમાં વિચાર સ્વરૂપે થતો હોય છે. પછીથી જ તે વ્યવહારમાં કે કાર્યમાં પરિણમે છે. આ વિચારનું સામર્થ્ય વધારવા કે વિચારશુદ્ધિ માટે શું શું કરી શકાય?

- ઉચ્ચકોટિનું વાચન, શ્રવણ, ચિંતન અને ચર્ચા આ માટે ઉપયોગી થઈ શકે.
- ચોક્કસ વિચાર કે વિચારધારા સાથે જીવન જીવતા વ્યક્તિઓની જીવનશૈલીનું અવલોકન થઈ શકે.
- સફળ અને મહાન વ્યક્તિઓના જીવનચરિત્રોના અભ્યાસ તેમજ ચર્ચા-ચિંતનથી નિષ્પન્ન થતું નવનીત ઉપયોગી થઈ શકે.

રોજગારી તેમજ કારકિર્દી માટે શિક્ષણને જ્યારે કાર્યક્ષેત્ર તરીકે સ્વીકાર્યું છે ત્યારે વૈશ્વિકકક્ષાએ શિક્ષણક્ષેત્રે થતાં અવનવાં સંશોધનો, નવપ્રકાશિત પુસ્તકો, જ્ઞાનવર્ધક અભિગમો તેમજ વિચારધારાઓ સાથે સીધા સંપર્કમાં આવવા આપણે કોઈ પ્રયત્ન કર્યો છે ખરો?

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ દ્વારા સર્વે સારસ્વતોને જોડવા અને વૈચારિક સામર્થ્ય વધારવા 'વિચાર વર્તુળ'નું માધ્યમ વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેનાથી વૈયક્તિક વિકાસની સાથે સાથે બાળકોને પણ તમારા વિચાર-વિકાસનો લાભ મળશે એવી અભ્યર્થના રાખવામાં આવેલ છે.

- આ વિચાર વર્તુળમાં જોડાવું તદ્દન સ્વૈચ્છિક છે. કોઈપણ મ્યુનિ. શાળાના શિક્ષક કે કર્મચારી આ વર્તુળના સભ્ય બની શકે છે.
- વિચાર વર્તુળની બેઠક જાન્યુઆરી-૨૦૧૨થી શરૂ કરીને દર માસના ત્રીજા શનિવારે ૧૧:૦૦ કલાકે સ્કાઉટ ભવન, પાલડી ખાતે યોજાશે.
- બેઠકનો સમયગાળો માત્ર ૨ કલાકનો રહેશે.
- પ્રથમ બેઠકનું વિચારબીજ 'શિક્ષણ અને જીવનમાં હકારાત્મક અભિગમ' રહેશે.
- દરેક બેઠક માટેનું વિચારબીજ અગાઉથી જાહેર કરવામાં / જણાવવામાં આવશે.
- અધ્યક્ષ સ્થાનેથી કેળવણીકાર, સાહિત્યકાર નિયત કરેલ 'વિચારબીજ' પર પોતાનું વ્યાખ્યાન આપશે.
- પુસ્તક, સામયિક કે વર્તમાનપત્રમાંથી કરેલ વાંચન, ચિંતન અને સર્જન સ્વરૂપ કમ્પ્યુટરાઈઝ કરેલા બે પાનાં જેટલું સાહિત્ય જે-તે વિચારબીજ માટે બે કે ત્રણ સભ્યોને રજૂ કરવાની તક અપાશે.
- અડધા કલાકની પ્રશ્નોત્તરી યોજાશે.
- જાહેર ચર્ચા – વાર્તાલાપ કરવામાં આવશે.
- 'વિચારબીજ'ના વિષય પર કોઈપણ સભ્યને તત્કાલ વિચાર રજૂ કરવાની તક આપવામાં આવશે.
- થયેલ સંશોધન, પ્રકાશિત લેખ અથવા પેપર પ્રેઝન્ટેશન માટે તક પૂરી પાડવામાં આવશે.
- બેઠકના અંતે ચા-કૉફીની વ્યવસ્થા રહેશે.

ઉપરોક્ત રજૂ કરાયેલ હેતુસર આરંભ કરવામાં આવનાર 'વિચાર વર્તુળ'ના આવો આપણે સહુ સભ્ય બનીએ, સ્વવિકાસ સાથે બાળ-વિકાસ, શાળા-વિકાસ અને પરિવાર-વિકાસના સહભાગી બનીએ. આપની સહમતી માટે આ સાથેનું ફોર્મ ભરી આપવા અને વધુ માહિતી માટે ડૉ. આર. એચ. રાણાનો સંપર્ક કરવા આહ્‌વાન છે.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## 'વિચાર વર્તુળ' સભ્યપદ નોંધણી

<table>
<tr><td>નામ</td><td colspan="4"></td></tr>
<tr><td>હોદ્દો</td><td colspan="2"></td><td>જન્મ તારીખ</td><td></td></tr>
<tr><td>ફોન નંબર</td><td>(મો.)</td><td></td><td>(ઘર)</td><td></td></tr>
<tr><td>ઈ-મેઈલ એડ્રેસ</td><td colspan="4"></td></tr>
<tr><td>શાળા/વિભાગ નું નામ</td><td colspan="4"></td></tr>
<tr><td>આચાર્યશ્રીનું નામ</td><td colspan="4"></td></tr>
<tr><td>ઝોન</td><td colspan="2"></td><td>વૉર્ડ</td><td></td></tr>
<tr><td>શાળા/વિભાગનું સરનામું</td><td colspan="4"></td></tr>
<tr><td>શૈક્ષણિક / વ્યાવસાયિક / વિશેષ લાયકાત</td><td colspan="4"></td></tr>
<tr><td>વ્યાવસાયિક અનુભવ</td><td colspan="4"></td></tr>
<tr><td>રસ / શોખના વિષય</td><td colspan="4"></td></tr>
<tr><td>વિશેષ સિદ્ધિ</td><td colspan="4"></td></tr>
<tr><td>અન્ય</td><td colspan="4"></td></tr>
<tr><td>છેલ્લા એક વર્ષમાં વાંચેલ કુલ પુસ્તકો (આશરે)</td><td colspan="4"></td></tr>
<tr><td>પસંદગીનાં સામયિક</td><td colspan="4"></td></tr>
<tr><td></td><td colspan="4">સહી</td></tr>
</table>

જેણે ભણાવવું છે તેણે સતત ભણતા રહેવું જોઈએ

# મારે પણ કંઈક કહેવું છે

## શ્રુત લેખન

લેખન કૌશલ્યને વધુ ધારદાર બનાવવા માટે શ્રુતલેખન ઉત્તમ રસ્તો છે. બાળકને શરૂઆતથી જ શ્રુતલેખનનો મહાવરો કરાવવો. શ્રુતલેખનનો મહાવરો ખૂબ જ ધીરજ માંગી લે તેવો વિષય છે. તેમાં શિક્ષકનો ઉત્સાહ, આયોજન અને પ્રેરણા પાયાની બાબત બની રહે છે.

બાળક જ્યારે માત્ર મૂળાક્ષર શીખતું હોય ત્યારથી માંડીને ક્રમશઃ સાદા શબ્દો, કાનાવાળા શબ્દો, હસ્વ ઇ - દીર્ઘ ઈ વાળા શબ્દો અને જોડાક્ષરોનું શ્રુતલેખન કરાવવાની ટેવ કેળવો. ધીમે-ધીમે સાદું વાક્ય, સંયુક્ત વાક્ય અને ફકરા સુધી ટેવને વિસ્તારો. શ્રુતલેખનના લખાણની પસંદગી બાળકોની કક્ષા અનુસારની થાય તથા પરિચિત શબ્દભંડોળ હોય તે ઈચ્છનીય છે.

શ્રુતલેખન કરાવતાં પહેલાં તે અંગેની જરૂરી સમજ આપો, જેમ કેઃ

- બોલાયેલા શબ્દ / વાક્યને બરાબર ધ્યાનથી સાંભળો અને સમજો.
- લખતી વખતે વળગણી પર કપડાં લટકતાં હોય તે રીતે લીટીની નીચે અક્ષરને અડકાડીને લખો.
- લખતી વખતે પ્રત્યયો હંમેશાં શબ્દની સાથે લખો.
- બે શબ્દ વચ્ચે યોગ્ય અંતર રાખો અને જરૂરિયાત મુજબ યોગ્ય વિરામચિન્હ મૂકો.
- પેન/પેન્સિલ યોગ્ય રીતે પકડો જેથી અક્ષરોનો મરોડ સુધારી શકાય.
- કોઈ શબ્દ / વાક્ય લખવાનું રહી જાય તો તેની જગ્યા ખાલી રાખો.
- પછીનો શબ્દ / વાક્ય નવા નંબરથી નવી લીટીમાં લખો.
- શ્રુતલેખન પૂર્ણ થયા પછી એકવાર લેખન પર નજર ફેરવી જાવ. કદાચ ઉતાવળને કારણે કોઈ ભૂલ જણાય તો સુધારી લો.

શ્રુતલેખન કરાવ્યા પછી તરત જ તપાસો, લેખનમાં થયેલી ભૂલની સુધારણા યોગ્ય રીતે થાય તે પણ ચકાસો. બાળકને તેની ભૂલ વિશે પ્રેમથી સમજ આપો. બાળકની સમજ વધુ ઊંડી બનાવવા પ્રયત્ન કરો. એવું પણ બને કે કદાચ બાળક લેખન કેમ કરવું તે જ બરાબર સમજ્યો ન હોય અથવા તો સાંભળેલા શબ્દનું અર્થગ્રહણ ન કરી શકવાને કારણે પણ ભૂલનું પુનરાવર્તન થતું હોય છે.

આમ તો સાવ નાની પણ ખૂબ આવશ્યક આ બાબતોને નજર સમક્ષ રાખીને આપણે ધાર્યું પરિણામ ચોક્કસ મેળવી શકીએ. કારણકે પ્રયત્ન જો પ્રભાવી હોય તો પરિણામ મળે જ!

નિકેતાબેન એસ. વ્યાસ
ઈ.આચાર્ય, એલિસબ્રીજ ગુજરાતી શાળા નં. ૩૦

### મ્યુનિ. શાળાના શિક્ષકો જોગ

શિક્ષણને પોષક, શિક્ષકને પ્રોત્સાહક અને બાળક માટે પ્રેરણાદાયી લેખ નગર શિક્ષણ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારાશે.

**ડૉ. આર.એચ. રાણા**
સંચાલક, નૂતન તાલીમ વિભાગ,
જમાલપુર શાળા નં. ૪ ની પાછળ, અમદાવાદ
rana.msb@gmail.com

**નોંધ :** રચના મૌલિક હોવી જોઈએ, ટૂંકી હોવી જોઈએ, પાનાની એક બાજુ, શુદ્ધ જોડણી અને સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. જગ્યાની અનુકૂળતા અને લેખની ઉપયોગીતાના આધારે પસંદગી કરવામાં આવશે.

**Book Post**

પ્રતિ શ્રી, ______________________

______________________

______________________

પ્રેષક :
**ડૉ. એલ.ડી. દેસાઈ**
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
એલિસબ્રીજ શાળા નં-૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૯
ફોન - (૦૭૯) ૨૬૪૨ ૧૪ ૧૫